ક્રમાંક:રાપબો/NMMS/2022/ 10952-11171

રાજ્ય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર-૨૧, ગાંધીનગર
તા -18/11/2022

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ
નોડલ ઓફીસરશ્રી, તમામ

વિષય: NSP (National Scholarship Portal) પર NMMS ના લાભાર્થીઓની શિષ્યવૃત્તિ માટેની દરખાસ્ત કરવા બાબત.

સંદર્ભ:- (૧) ઉપ સચિવશ્રી, DBT ભારત સરકારના પત્ર તા.૧૫/૦૭/૨૦૨૨
(૨) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક:રાપબો/NMMS/2022/10382-10600, તા.02/11/2022
(૩) ઉપ સચિવશ્રી, ભારત સરકારના પત્ર તા.૧૭/૧૧/૨૦૨૨.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) દ્વારા શિષ્યવૃત્તિની રકમની ચૂકવણી લાભાર્થી વિદ્યાર્થીઓના બેંક ખાતામાં સરળતાથી અને ઝડપી કરી શકાય તે હેતુથી ભારત સરકાર દ્વારા "નેશનલ સ્કોલરશીપ પોર્ટલ" વેબપોર્ટલ તા.૨૦/૦૭/૨૦૨૨ થી શરૂ થયેલ છે. રાજ્યના NMMS યોજના વર્ષ-2022-23ના લાભાર્થી વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ માટેની દરખાસ્ત નિયત સમયમર્યાદામાં "નેશનલ સ્કોલરશીપ પોર્ટલ" પર કરવાની થાય છે. જે અન્વયે અત્રેની કચેરીના સંદર્ભદર્શિત પત્ર-૨ થી લાભાર્થી વિદ્યાર્થીઓની ઓનલાઇન એપ્લીકેશન http://www.scholarships.gov.inપર એપ્લીકેશન સબમીટ કરવાની અંતિમ તારીખ :-15/11/2022 સુધીમાં કરવા જણાવેલ હતું. ભારત સરકારના સંદર્ભદર્શિત પત્ર-૩થી સમયમર્યાદા વધારો કરેલ છે. જેથી **લાભાર્થી વિદ્યાર્થીઓની ઓનલાઇન એપ્લીકેશન સબમીટ કરવાની અંતિમ તારીખ :-30/11/2022** સુધીમાં આપના જિલ્લા હસ્તકના તમામ લાભાર્થી વિદ્યાર્થીઓની ઓનલાઇન એપ્લીકેશનની કાર્યવાહી બીનચૂક પૂર્ણ કરવા વિનંતી છે.

- વિદ્યાર્થીની ચાલુ શૈક્ષણિક વર્ષની શાળાનો સંપર્ક કરી એપ્લીકેશન વેરીફીકેશન ઓનલાઇન સ્કૂલ વેરીફીકેશનની કરવાની અંતિમ તારીખ :- **15/12/2022 છે.**
- જિલ્લા નોડલ ઓફીસરે વિદ્યાર્થીની જિલ્લા વેરીફીકેશન ઓનલાઇન જિલ્લા વેરીફીકેશનની કરવાની અંતિમ તારીખ :- **31/12/2022 છે.**

ઉપરોકત ટાઇમલાઇન મુજબની NSP પોર્ટલની કામગીરીની જાણ સંબંધિત શાળાઓને કરવા તેમજ આ કાર્યવાહી સમયમર્યાદામાં પૂર્ણ કરાવવા આપની કક્ષાએથી સૂચના આપવા વિનંતી

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

નકલ રવાના જાણ સારૂ :

- અંગત સચિવશ્રી, માન.સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક) શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
- માન.કમિશનરશ્રી, કમિશનર શાળાઓની કચેરી, બ્લોક નં-૯ પહેલો માળ, ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, બ્લોક નં.૧૨/૨, ડો.જી.મ.ભવન, ગાંધીનગર.

Scanned with CamScanner

જા.નં. મા.શ/NSP/૨૦૨૨/૨૧૬૭૦

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી

સુરત, જિ. સુરત

તા. ૧૯/૧૧/૨૦૨૨

પ્રતિ,

આચાર્યશ્રી,

તમામ સરકારી, ગ્રાન્ટેડ, સ્વનિ મા.ઉ.મા. શાળાઓ,

સુરત

અમલ સારુ.

District Education Officer
Surat. Dist. Surat.